મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૮-૦૯-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૬૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી



ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com



કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367


### બી.એસ.એન.એલની સિલ્વર જ્યુબિલી અને ગુજરાતનાં ૪- હજાર સહિત દેશનાં ૯૨-હજારથી વધુ સ્વદેશી ૪-જી ટાવરોનું ઉદ્ઘાટનએ સ્વદેશી આત્મ નિર્ભરતા : ભૂપેન્દ્ર પટેલ

# પીએમ મોદીએ દિવાળી પર દેશવાસીઓને સ્વદેશી ૪-જી નેટવર્કની ભેટ આપી

(ગરવી તાકાત) મહેસાણા,તા.૨૭

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે **BSNL** ની સિલ્વર જુબિલી અને ગુજરાતના ૪ હજાર સહિત દેશભરમાં ૯૨ હજારથી વધુ સ્વદેશી **4G** ટાવરોના ઉદ્ઘાટન પ્રસંગે શુભેચ્છાઓ આપતાં જણાવ્યું હતું કે આદ્યશક્તિની આરાધનાનું નવરાત્રી પર્વ ઉજવાઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં દેશવાસીઓને સ્વદેશી ૪ચ્નેટવર્કની મોટી ભેટ આપી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વદેશી **BSNL4G** નેટવર્કનું આજે ઝારસુગાડા, ઓડિશા ખાતેથી દેશ વ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ લોન્ચિંગ કાર્યક્રમમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા જોડાયા હતા.

સિલ્વર જ્યુબિલી વર્ષમાં ભારત સંચાર નિગમ લિમિટેડ-મ્જીદ્રન્દ્વારા વડાપ્રધાનશ્રીના આત્મ નિર્ભર ભારત વિઝનને પુષ્ટિ આપતાં ૪ચ્ સેચ્યુરેશન પ્રોજેક્ટ હેઠળ ૧૪ હજાર કરતા વધુ સાઈટ્સ સહિત ૯૭,૫૦૦ નવી **4G** સાઈટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.

ગુજરાતમાં કાર્યરત થયેલા ૪ હજાર **4G** ટાવર માંથી ૬૦૦ થી વધુ ટાવર અતિ દુર્ગમ અને અંતરિયાળ તેમજ પહાડી અને આદિવાસી વિસ્તારોમાં કાર્યરત થવાના છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભારતનું ટેલિકોમ ક્ષેત્ર પણ આવા જ ૩૬૦ ડિગ્રી બદલાવનું સાક્ષી બન્યું છે. એક સમય હતો કે વિશ્વના દેશો ભારતને ટેલિકોમ માર્કેટ સમજતા હતા.હવે ભારતે વિશ્વ સ્તરે ટેલીકોમ ક્ષેત્રમાં સોલ્યુશન પ્રોવાઈડર અને પાર્ટનરના રૂપમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

મેઈડ ફોર ઈન્ડિયાને બદલે હવે 'મેઈડ ઈન ઈન્ડિયા મેઈડ ફોર ધ વર્લ્ડ'ની ચર્ચા થઈ રહી છે તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમત મંત્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સ્વદેશી ૪ચ્નેટવર્કનો લોન્ચિંગ કાર્યક્રમ દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ પ્રસંગ છે.

વધુમાં, આજે **BSNL**ની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી પણ કરવામાં આવી રહી છે. વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના સ્વપનને સાકાર કરતો આ કાર્યક્રમ સ્વદેશીનો વિચાર તેમજ રાષ્ટ્રીય ગૌરવનો વિષય છે. **BSNL**ગુજરાતના ચીફ જનરલ મેનેજર ગોવિંદ કેવલાણીએ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૦માં શરૂ કરવામાં આવેલ મ, તેના ૨૫ વર્ષ પૂર્ણ કરીને સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરી રહ્યું છે. વડા પ્રધાનના સ્વદેશી **4G** નેટવર્કના વિઝનના પરિણામે આજનો આ લોન્ચિંગ કાર્યક્રમ ભારતના દૂરસંચાર ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

લેન્ડલાઈન અને બ્રોડબેન્ડથી લઈને મોબાઈલ સેવા સુધી **BSNL**એ દેશના દરેક નાગરિકને શહેરથી ગામડા સુધી જોડ્યો છે. આ ૪ચ્ નેટવર્ક માત્ર આત્મનિર્ભરતાનું પ્રતીક નથી, પરંતુ ભારતને તે પાંચ દેશોની શ્રેણીમાં સ્થાપિત કરે છે જેમની પાસે પોતાનું ઘરેલું ૪ચ્ દૂરસંચાર નેટવર્ક છે, તેમ તેમણે ઉમેર્યું હતું. **BSNL**ગુજરાતના સંદિપ સાવરકરે આભાર વ્યક્ત કર્યો હતો.



### મોઢેરા રોડની વીઆઈપી નગર સોસાયટીમાં પાંચમાં નોરતે યુવતીઓએ ગરબાની રમઝટ સાથે માતાજીની આરાધના કરી

## નવરાત્રીના પવિત્ર પર્વે યુવતીઓએ પરંપરાગત વેશભૂષામાં ગરબે ઘૂમી, ભક્તિ અને ઉત્સાહથી સોસાયટી ગુંજી ઉઠી

ગુજરાતી સંસ્કૃતિનો રંગ ફેલાવતો ગરબો, મોઢેરા રોડની વીઆઈપી નગર સોસાયટીમાં નવરાત્રીનો ઉલ્લાસ





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

નવરાત્રીના પવિત્ર પર્વના પાંચમાં નોરતે મોઢેરા રોડ પર આવેલી વીઆઈપી નગર સોસાયટીમાં યુવતીઓએ ભક્તિ અને ઉત્સાહથી ગરબાની રમઝટ બોલાવી. પરંપરાગત ચણિયા-ચોળીમાં સજ્જ યુવતીઓએ ઢોલના તાલે ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરી, જેનાથી સમગ્ર સોસાયટી ગુજરાતી સંસ્કૃતિના રંગોમાં રંગાઈ ગઈ. આ કાર્યક્રમમાં સોસાયટીના રહીશો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા, જેના કારણે નવરાત્રીનો ઉલ્લાસ ચરમસીમાએ પહોંચ્યો. આસો માસના આ પવિત્ર દિવસોમાં ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ એવા ગરબાને જાગૃત રાખવા વીઆઈપી નગર સોસાયટીની યુવતીઓએ ખાસ પહેલ કરી. સોસાયટીના આંગણને આકર્ષક રીતે સજાવવામાં આવ્યું હતું, અને ગરબાની રમઝટ સાથે માતાજીની આરતી અને પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સોસાયટીના રહીશોએ એકબીજા સાથે ભાઈચારો અને ઉત્સાહનો માહોલ વહેંચ્યો. આ કાર્યક્રમે નવરાત્રીના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વને ઉજાગર કર્યું, જેની રહીશોમાં ખૂબ સરાહના થઈ.

### ૧૦,૦૦૦થી વધુ ખેલૈયાઓએ ચણિયા-ચોળીમાં ગરબે ઝૂમ્યા, IMA પ્રેસિડેન્ટ ડો. અનિલભાઈ નાયક અને અન્ય મહેમાનોએ ઉત્સાહ વધાર્યો

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે નવરાત્રી મહોત્સવ 'થનગનાટ-૨૦૨૫'ના બીજા દિવસે ખેલૈયાઓએ વેગડાના જૂસ્સાદાર ગીતોથી ગરબાની ધૂમ રમઝટ બોલાવી









(ગરવી તાકાત) મહેસણા તા.૨૭

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા આ મોર્ડન યુગમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ જળવાઈ અને લોકકલાને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. જેના ભાગરૂપે યુનિવર્સિટી ખાતે બે દિવસીય નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય નવરાત્રી મહોત્સવ "થનગનાટ-૨૦૨૫" ના બીજા દિવસે તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ પ્રખ્યાત ગુજરાતી લોકપ્રિય ગાયક અરવિંદ વેગડા અને તેમની ટીમે પોતાના જુસ્સાદાર ગીતોથી રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને પરંપરાગત રંગીન ચણિયાચોળી, કેડીયા-ધોતી જેવા વસ્ત્રોથી સજ્જ વિદ્યાર્થી ખેલૈયાઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા આમંત્રિત મહેમાનોને સંગીતના તાલે ગરબે ઝૂમતાં કરી દીધા હતા. વધુમાં સમગ્ર કેમ્પસને આકર્ષક સજાવટથી સજાવવામાં આવ્યું હતું, જેમાં ગ્રામ્ય સંસ્કૃતિને દર્શાવતું સેલ્ફી ઝોન સર્વે માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહેલ.

કાર્યક્રમમાં બીજા દિવસે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને મુખ્ય મહેમાન તરીકે આઈ.એમ.એ. નેશનલ પ્રેસિડેન્ટ શ્રી ડૉ. અનિલભાઈ નાયક,મહેસાણા જીલ્લા સાંસદ સભ્યશ્રી હરિભાઈ પટેલ, મહેસાણા જીલ્લા ભાજપ મહામંત્રી ભગાજી ઠાકોર હાજર રહ્યા હતા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

બે દિવસીય નવરાત્રિ મહોત્સવને અંતે રાસ-ગરબા રમવામાં અને વેશભૂષામાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ અને સ્ટાફને આમંત્રિત મહેમાનો, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમના પ્રાસંગિક ઉદ્બોધનમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને પધારેલ સર્વે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને તેમની વિશેષ ઉપસ્થિતિ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીએ આ કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે આયોજનમાં સંકળાયેલ યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓના તમામ સ્ટાફના કાર્યને બિરદાવ્યુ હતું.

## ગુજરાતના ઇલેક્ટ્રિક ભવિષ્યને ગતિબળ આપવા મેટરનો મહેસાણામાં નવો એક્સ્પિરિયન્સ હબ શરૂ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક મોબિલિટી કંપની મેટર કંપનીએ મહેસાણા ખાતે પોતાના નવા એક્સ્પિરિયન્સ હબની ભવ્ય શરૂઆત કરી છે.ગુજરાતમાં મેટરની ઝડપથી વધી રહેલી રિટેલ ઉપસ્થિતિ માટે આ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન ગણાય છે, જે ભારતને સ્વચ્છ, કનેક્ટેડ અને સસ્ટેનેબલ પરિવહનની દિશામાં આગળ ધપાવવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

નવું મેટર એક્સ્પિરિયન્સ હબ—મહેસાણાના મહાવીર ચેમ્બર્સ,નગાલપુર ખાતે આવેલ છે. અહીં ગ્રાહકોને અદ્યતન ઈલેક્ટ્રિક વાહન ટેકનોલોજીનો અનુભવ કરાવાશે અને સાથે જ છઈઇછ—ભારતની પ્રથમ ગિયરવાળી ઈલેક્ટ્રિક મોટરબાઈકને નજીકથી જોવાની અને ચલાવવાની તક મળશે. આ પ્રસંગે મેટરના લીડરશિપ ટીમ,ડીલર





પાર્ટનર્સ તેમજ મહેસાણા અને આસપાસના ઉત્સાહી ઈવી રાઈડર્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમને પ્રદેશના સસ્ટેનેબલ પરિવહન માટે એક નવા યુગની શરૂઆત ગણાવવામાં આવી રહી છે.

મેટરના ફાઉન્ડર અને ગ્રુપ સીઓઓ શ્રી અરુણ પ્રતિપ સિંહે જણાવ્યું હતું કે ગુજરાત માત્ર અમારું હોમ સ્ટેટ નથી, પણ નવતરતા અને ઉદ્યોગસાહસિકતાનું કેન્દ્ર છે. મહેસાણામાં આ નવો એક્સ્પિરિયન્સ હબ શરૂ કરીને અમે અમારી ફ્લેગશિપ ઈનોવેશન છઈઇછને ઉત્તર ગુજરાતના લોકો સુધી નજીક લઈ જઈ રહ્યા છીએ. આ હબ રાઈડર્સ માટે વધુ સ્માર્ટ, ક્લીન અને રોમાંચક મુસાફરી તરફનું પ્રવેશદ્વાર બનશે.જયારે ડીલર પ્રિન્સિપલ, શ્રી પિયુષકુમાર રમેશભાઈ પટેલે કહ્યું કે મહેસાણામાં મેટર સાથે મળીને આ નવી પેઢીની ઈલેક્ટ્રિક મોટરબાઈકનો અનુભવ લાવવાનો અમને ગર્વ છે. અમારી રીજન પરિવહન પરિવર્તનની દિશામાં આગળ વધી રહ્યો છે. છઈઇછ દ્વારા અમે નવતરતા, પ્રદર્શન અને સસ્ટેનેબિલિટીના અનોખા સંયોજનવાળું ઉત્પાદન રજૂ કરી રહ્યા છીએ. આ એક્સ્પિરિયન્સ હબ માત્ર ટેકનોલોજી દર્શાવશે નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતના રાઈડર્સને મોબિલિટીના ભવિષ્યને અપનાવવા પ્રેરણા આપશે.

### કડી એસટી ડેપોમાં રંગલાનાં પરિવેશમાં સ્વચ્છોત્સવ કાર્યક્રમ કરી સમાજને પર્યાવરણ નો સંદેશ આપતા ખોડાભાઈ પટેલ

(ગરવી તાકાત) કડી તા.૨૭

ભારત સરકારશ્રી દ્વારા સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫ અંતર્ગત એસ.ટી.નિગમ નાં રાજયવ્યાપી સફાઈ ઝુંબેશ અભિયાન માં કડી એસ.ટી.ડેપો ખાતે તારીખ - ૨૭/૯/ ૨૦૨૫ ને શનિવાર નાં રોજ પર્યાવરણ પ્રેમી અને શ્રી એમ.એન.પટેલ પ્રાથમિક શાળાનાં આચાર્ય અને લોક કલાકાર ખોડાભાઈ બળદેવભાઈ પટેલ 'ધર્મેશ' દ્વારા રંગલાનાં પરિવેશ માં સ્વચ્છોત્સવ કાર્યક્રમ કરી ઉપસ્થિત સર્વ ને પર્યાવરણ વિષયક લોક જાગૃતિ સંદેશ આપી સ્વચ્છતા સંકલ્પ લેવડાવ્યો હતો.કડી એસ.ટી.ડેપોનાં મેનેજર સહિત તમામ કર્મચારી સ્ટાફ મિત્રોએ તથા ઉપસ્થિત સર્વ એ ખોડાભાઈ ની સેવાઓ ને બિરદાવી ધન્યવાદ આપ્યા



હતા.ખોડાભાઈ પટેલે પણ આ પ્રસંગે સરકારશ્રી ની કામગીરી તથા કડી એસ.ટી.ડેપો ની વ્યવસ્થા તથા સર્વ સફાઈ કામદારો ની સેવાઓ ને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### રાધનપુર રોડ પાર્ટી પ્લોટમાં દંપતીનું ઇલેક્ટ્રિક સ્કૂટર ગુમ, મોઢેરા બસ પોર્ટ પાર્કિંગમાં ૩૫ હજારનું વાહન ઉડાવ્યું

## નવરાત્રિમાં તસ્કરોની દુનિયા : ગરબા દરમિયાન સ્કૂટર અને પાર્કિંગમાં એક્ટિવા ચોરી, મહેસાણા પોલીસ તપાસમાં જોટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

નવરાત્રિ મહોત્સવના ઉત્સાહમાં ગરબાની ધુમમડડ ચાલુ હોય ત્યારે તસ્કરો પણ સક્રિય બન્યા છે. મહેસાણા જિલ્લામાં ગરબા અને પાર્કિંગ વિસ્તારોમાં વાહન ચોરીની બે ગંભીર ઘટનાઓ સામે આવી છે, જેમાં લોકોની મજા ખરાબ કરી દીધી છે. પોલીસે આ બંને કેસોમાં તપાસ શરૂ કરી દીધી છે અને નવરાત્રિ દરમિયાન વાહનોની સુરક્ષા અંગે સાવચેતી બરતવાની સલાહ આપી છે.

પહેલી ઘટના રાધનપુર ચોકડી પાસે રહેતા પટેલ અક્ષયભાઈ અને તેમની પત્ની સાથે બની. ૨૩ સપ્ટેમ્બરની રાત્રે તેઓ રાધનપુર રોડ પર આવેલા ગુડલક પાર્ટી પ્લોટમાં આયોજિત ગરબા મહોત્સવમાં ગરબા રમવા ગયા હતા. રાત્રે સાડા બાર વાગ્યે ગરબા રમીને બહાર આવ્યા ત્યારે પાર્કિંગમાં પાર્ક કરેલું ય્ન-૦૨-જૈં-૨૮૨૨ નંબરનું ઈલેક્ટ્રિક સ્કૂટર જોવા ન મળ્યું. આસપાસ તપાસ કરવા છતાં સ્કૂટર મળ્યું નહીં, તેથી અજાણ્યા તસ્કરો સામે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, તસ્કરોએ ગરબાના ભીડભાડનો ફાયદો ઉઠાવીને આ કૃત્ય કર્યું હશે.

બીજી ઘટના મોઢેરા બસ પોર્ટના પાર્કિંગમાં બની, જે ધોળા દિવસે બની હોવાથી વધુ ચોંકાવનારી છે. સરદાર સોસાયટીમાં રહેતા યુવક સચિન ચૌધરી ૨૫ સપ્ટેમ્બરના રોજ નંદાસણમાં નોકરી જવા ય્ન-૦૨-સ્ઢ્ય-૨૩૩૪ નંબરનું એક્ટિવા લઈને નીકળ્યા હતા. તેમણે વાહન મોઢેરા ડેપો પાછળના પાર્કિંગમાં પાર્ક કરીને બસમાંથી નોકરી જવાનું રહ્યું. બપોરે નોકરી પૂરી કરી વાપસી પર પાર્કિંગમાં પહોંચ્યા ત્યારે એક્ટિવા ક્યાંય દેખાયું નહીં. આસપાસના વિસ્તારમાં તપાસ કરી, પરંતુ વાહન મળ્યું નહીં. ત્યારબાદ પરિવારને જાણ કરતા સચિનના પિતા રમેશભાઈ ચૌધરીએ ૩૫ હજાર કિંમતના એક્ટિવાની ચોરી અંગે મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.




# હિંસાની ઝપેટમાં લેહ, સાવધાની જરૂરી

જ્યારે લદ્દાખ જમ્મુ અને કાશ્મીરનો ભાગ હતો, ત્યારે આ પ્રદેશને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની માંગણીઓ થઈ રહી હતી. કલમ ૩૭૦ રદ કર્યા પછી જ્યારે તેને આ દરજ્જો મળ્યો, ત્યારે અલગ રાજ્યની માંગણીએ જોર પકડવાનું શરૂ કર્યું. આને ન્યાયી ઠેરવવા માટે દલીલો કરી શકાય છે, પરંતુ તેના માટે દબાણ કરવા માટે હિંસાનો આશરો લેવો દુર્ભાગ્યપૂર્ણ અને ચિંતાજનક બંને છે.

લેહમાં લદ્દાખ માટે અલગ રાજ્યનો દરજ્જો અને આ પ્રદેશને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સમાવવાની માંગણી સાથે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન, જે હિંસક બન્યું, જેના પરિણામે ચાર લોકોના મોત થયા અને ઘણા લોકો ઘાયલ થયા, તે તોફાનથી પ્રેરિત હોઈ શકે છે.

આ શંકા છે કારણ કે હિંસા દરમિયાન, ભાજપ કાર્યાલયને આગ ચાંપી દેવામાં આવી હતી, લદ્દાખ સ્વાયત્ત હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલની ઓફિસને નુકસાન થયું હતું, અને સુરક્ષા દળના વાહનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ વિરોધ હિંસક બન્યો કારણ કે ભૂખ હડતાળ પર બે લોકોને ખરાબ તબિયતને કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

લદ્દાખની માંગણીઓનું આંદોલન લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ દ્વારા ચલાવવામાં આવ્યું હતું, પરંતુ તેનું નેતૃત્વ મુખ્યત્વે પર્યાવરણીય અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક દ્વારા કરવામાં આવ્યું હતું. એવું લાગે છે કે તેમણે આંદોલનમાં સામેલ લોકો, ખાસ કરીને રાજકીય પક્ષોના લોકો પર નિયંત્રણ ગુમાવ્યું છે.હિંસા ફાટી નીકળ્યા પછી તેમણે પોતાની ભૂખ હડતાળ સમાપ્ત કરી અને શાંતિની અપીલ કરી, પરંતુ તેમણે વિચારવું જોઈએ કે હિંસક તત્વોએ તેમના શાંતિપૂર્ણ વિરોધને કેવી રીતે પાટા પરથી ઉતાર્યો. આ હિંસા ગેરવાજબી હતી કારણ કે ગૃહ મંત્રાલયે ૬ ઓક્ટોબરે લદ્દાખ પ્રતિનિધિમંડળ સાથે આગામી રાઉન્ડની વાતચીતની પુષ્ટિ કરી હતી. આ વાટાઘાટો થાય તે પહેલાં માંગણીઓ સ્વીકારવાનો આગ્રહ રાખવાનો કોઈ અર્થ નહોતો.

જ્યારે લદ્દાખ જમ્મુ અને કાશ્મીરનો ભાગ હતો, ત્યારે આ પ્રદેશને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની માંગ કરવામાં આવી હતી. કલમ ૩૭૦ રદ કર્યા પછી જ્યારે તેને આ દરજ્જો મળ્યો, ત્યારે અલગ રાજ્યની માંગણીએ જોર પકડવાનું શરૂ કર્યું. આને યોગ્ય ઠેરવવા માટે દલીલો કરી શકાય છે, પરંતુ તેનો દાવો કરવા માટે હિંસાનો આશરો લેવો દુર્ભાગ્યપૂર્ણ અને ચિંતાજનક બંને છે.

લદ્દાખ માટે અલગ રાજ્યની માંગ કરનારાઓ પણ એકને બદલે પોતાનું જાહેર સેવા આયોગ અને બે લોકસભા બેઠકો ઈચ્છે છે - એક લેહ માટે અને એક કારગિલ માટે. એ સાચું છે કે કલમ ૩૭૦ હેઠળ લદ્દાખને જમ્મુ અને કાશ્મીરનો ભાગ હતો ત્યારે મળેલા વિશેષ અધિકારો કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા પછી રદ કરવામાં આવ્યા હતા, પરંતુ એવું તારણ કાઢવું ખોટું હશે કે આ પ્રદેશના લોકોની સંસ્કૃતિ અને ભૂમિ માટે ખતરો છે.

એવું લાગે છે કે આ ધમકી ભયના ભૂત તરીકે બનાવવામાં આવી છે. ગમે તે હોય, કેન્દ્ર સરકારે આ મુશ્કેલીગ્રસ્ત પ્રદેશમાં શાંતિ જાળવવાને પ્રાથમિકતા આપવી જોઈએ, કારણ કે તે ચીન અને પાકિસ્તાનની સરહદે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## નબળી ટાઇલ્સ માટે વળતર મંજુર કરવા સાથે 'રેરા'ની ટકોર

# બાંધકામમાં નબળી ગુણવતા-સ્ટ્રકચરલ ખામીમાં વળતર મળી શકે : બિલ્ડરને રૂપિયા ૨૫ હજાર ચુકવવા હુકમ

અમદાવાદ તા.૨૬

અમદાવાદ શહેરમાં આવેલા શિલ્પ ગ્રુપના શિલ્પ રેવંતા રહેણાંક એપાર્ટમેન્ટના પ્રોજેક્ટમાં એક ફ્લેટ ધારકને આપવામાં આવેલા ફ્લેટમાં ટાઈલ્સ ફ્લોરીંગનું કામ યોગ્ય નહિ હોવાથી રેરામાં વળતર માટે અરજી કરવામાં આવી હતી. તેની સુનાવણીના અંતે રેરાએ માન્ય રાખ્યું હતું કે મકાન ધારકને ખામી યુક્ત ટાઈલ્સ ફ્લોરીંગ આપવામાં આવ્યું છે.આથી બિલ્ડરને રૂ. ૨૫ હજાર રીપેરીંગ ખર્ચ પેટે અને રૂ. ૫ હજાર ગ્રાહકને થયેલા લીગલ ખર્ચ તરીકે ચુકવવાનો આદેશ રેરાના એડજ્યુડીકેટીંગ ઓફિસર પી. આર. પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. રેરા દ્વારા મહત્વનું અવલોકન કરવામા આવ્યું હતુ કે, રેરા એક્ટની કલમ ૧૪(૩) હેઠળ જો મિલકત ધારકને પઝેશન આપ્યાની તારીખથી



પાંચ વર્ષ સુધી સ્ટ્રકચરલ ખામી હોવાનું જણાય તો તે વળતર માટે રેરામાં અરજી કરી શકે છે.

પરંતુ જે ડીફેક્ટ રાખવામાં આવી હોય તેના રિપીરીંગની એક્ચ્યુઅલ એટલે કે મૂળ નહી પરંતુ એપ્રોપ્રીએટ એટલે કે યોગ્ય વળતર આપવાની વાત કરવામાં આવી છે. આથી અરજદાર દ્વારા ડીફેક્ટીવ ફ્લોરીંગના સમાર કામ માટે ભોગવવામાં આવેલા ખર્ચ પેટે રૂ.૧.૧૪ લાખના વળતરની માગ ગ્રાહ્ય રાખી શકાય નહી.

કેસની વિગતો મુજબ અરજદાર સ્મીત વિજયભાઈ કોટક દ્વારા એવાયબી બીલ્ડકોન, અર્પણ સુભાષચંદ્ર બારોટ અને યશ ઘનશ્યામ બ્રહ્મભટ્ટને પ્રતિવાદી તરીકે રજૂ કરીને રેરામાં કૂલ રૂ. ૧૦.૫૧ લાખના વળતરનો દાવો કરવામાં આવ્યો હતો.

તેઓએ શીલ્પ રેવંતા પ્રોજેક્ટમાં એમ-૮૦૪ નંબરનો ૩ બીએચકેનો ફ્લેટ બુક કરાવ્યો હતો. તેઓને ફ્લેટ પેટેની રકમ ચુકવી દેવામાં આવી હતી. પરંતુ બિલ્ડર દ્વારા ફ્લેટનું પઝેશન આપવામાં એક વર્ષનો વિલંબ કરવામાં આવ્યો હતો. આથી તેઓને ભાડે રહેવું પડ્યું હતું અને વ્યાજનું પણ નુકસાન થયું હતું.

વધુમાં ફ્લોરીંગનું કામ એટલું નિમ્ન કક્ષાનું કરવામાં આવેલું કે કોઇ રહી ના શકે. ટાઈલ્સ ઉબડખાબડ રાખવામાં આવ્યા હતા. એન્જીનીયરીંગની ટીમને ફરિયાદ કરવામાં આવી હતી તો તેઓએ ટાઈલ્સ બદલી નાખવામાં આનાકાની કરવામા આવી હતી. આથી વિલંબથી પઝેશન, વ્યાજખાધ અને ટાઈલ્સ રીપેરીંગ ખચ્ર સહિત કુલ રૂ. ૧૦.૫૧ લાખનું વળતર માગવામાં આવ્યું હતું.

## ૧લી ઓકટોબરથી સવારની દિલ્હી ફલાઇટનું ઉડ્ડયન શરૂ : દિવાળી પહેલા જ એરપોર્ટની હવાઇ સેવામાં વધારો

# એર ઇન્ડિયાએ સેવામાં વધારો કર્યો : વિન્ટર શિડયુલમાં ડેઇલી મુંબઇ - દિલ્હીની બે - બે ફલાઇટનો સમાવેશ

અમદાવાદ તા.૨૬

આગામી દિવાળીના તહેવારોની રજાઓમાં મુસાફરોના વધતા જતા ટ્રાફિકને ધ્યાને લઈ એર ઈન્ડિયાએ પોતાની સેવાનો લાભ વધારવા આગામી તા.૧લી ઓકટોબરથી સવારની દિલ્હી-રાજકોટ-દિલ્હી ફ્લાઈટ ઉડાડવાનો નિર્ણય લીધો છે. તા.૧લીથી ૨૫મી સુધી રાજકોટ-દિલ્હી ફ્લાઈટ સવારે ૧૧:૩૦ કલાકે ટેકઓફ અને તા.૨૬મી ઓકટોબરથી ડેઈલી આ ફ્લાઈટ સવારે ૧૦:૧૦ કલાકે ટેકઓફ થશે.




સવારે દિલ્હી ફ્લાઈટ શરૂ કરવા વિવિધ વેપારી સંસ્થાઓ અને પ્રવાસીઓની માંગણીને ધ્યાને લઇ એર ઈન્ડિયાએ સવારની દિલ્હી ફ્લાઈટ શરૂ કરવા નિર્ણય લીધો છે. હાલમાં સવારે દિલ્હી જવા એક પણ ફ્લાઈટ નહી હોવાથી સવારે સૌરાષ્ટ્રવાસીઓને હવાઈ માર્ગે દિલ્હી જવા અમદાવાદ એરપોર્ટ દોડવું પડતું હતું હવે આગામી તા.૧લી ઓકટોબરથી સવારની દિલ્હી ફ્લાઈટ શરૂ થતાં સવારે દિલ્હી જઈ રાતે પરત ફરી શકાય તેવી હવાઈ સેવા ઉપલબ્ધ થશે.

આગામી વિન્ટર શિડયુલમાં એર ઈન્ડિયા સવારે ૮:૩૦ રાજકોટ, મુંબઈ, સવારે ૧૦:૧૦ કલાકે રાજકોટ-દિલ્હી સાંજે ૬ કલાકે રાજકોટ-મુંબઈ અને રાત્રે ૮ કલાકે રાજકોટ-દિલ્હી કુલ ૪ ડેઈલી ફ્લાઈટનું ઉડ્ડયન રહેશે.

આ ઉપરાંત ઈન્ડિગો એર લાઈન્સ કંપની પણ સવારની દિલ્હી અને કલકતાની સીધી ફ્લાઈટ સેવા માટે સ્લોટ મેળવવાની તજવીજ હાથ ધરી છે. વિન્ટર શિડયુલમાં દિલ્હી, મુંબઈ જવા માટે બે થી ત્રણ ફ્લાઈટનો વધારો થતા વેપારીઓ, ઉદ્યોગકારો, સ્ટુડન્ટસ અને મુસાફરોને હવાઈ સેવા ઉપયોગી નીવડશે.

## નર્સિગ સ્ટાફની ભરતી પરીક્ષાના વિવાદમાં એડવોકેટ જનરલને હાઇકોર્ટનું તેડુ

# નવેસરથી પરીક્ષા લેવા ૫૦થી વધુ અરજદારોએ સિવિલ એપ્લીકેશન કરી હતી

અમદાવાદ તા.૨૬

હાઈકોર્ટમાં પહોચેલો નર્સિગ સ્ટાફની ભરતી પરીક્ષા પ્રક્રિયાના મામલે આજે ગુજરાત હાઈકોર્ટે એડવોકેટ જનરલને તાત્કાલીક તેડાવ્યા છે. અને હાઈકોર્ટએ વિવાદીત આન્સર કી સામે નારાજગી વ્યકત કરી તમામ પ્રશ્નોના એ.બી.સી.ડી. જવાબ



મામલે આશંકા વ્યકત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જીટીયુ દ્વારા હાથ ધરાયેલ ભરતી પરીક્ષા પ્રક્રિયામાં વિવાદ થયો હતો. અને ૫૦ થી વધુ ઉમેદવારોએ હાઈકોર્ટમાં સિવીલ એપ્લીકેશન કરી હતી. જેની આજે કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી.

નોંધનીય છે કે આ ભરતી પ્રક્રિયા પર રોક લગાવવા ૫૦ અરજદારોએ માંગ કરી હતી. અને નવેસરથી પરીક્ષા લેવા માંગણી કરી હતી. ઉપરોકત પરીક્ષા ૫૬ હજારથી વધુ ઉમેદવારોએ આપી હતી. જો કે એ.બી.સી.ડી.જવાબ મામલે વિવાદ સર્જાયો હતો અને ચોકકસ વ્યકિતઓને નર્સીગમાં ગોઠવવા માટે ગોઠવતા કરાયાનો અરજદારોનો મત હતો.

## દુનિયાના યોગીઃ લાહિરી મહાશયનો હિમાલયમાંથી આધુનિક જગત માટે સંદેશઃ લાહિરી મહાશયની સાંપ્રતકાલીન ગૃહસ્થો માટેની ક્રિયાયોગની ભેટ

# આ દુનિયામાં લાહિરી મહાશયનું પ્રેરણાસ્પદ જીવન, ઈશ્વર સાથે એકરૂપ એવા લાહિરી મહાશયનું પ્રેરણાસ્પદ જીવન

"બનત બનત બન જાય"—એક પછી એક પગલે, લક્ષ્ય હાંસલ થઈ શકે છે. એક સાધારણ છતાં પણ શક્તિશાળી શબ્દો દ્વારા, લાહિરી મહાશયે ભક્તોને, પોતાનો સમગ્ર સમય આપીને, સંપૂર્ણપણે વર્તમાનમાં રહેવા માટે પ્રેરિત કર્યા અને એ આશ્વાસન આપ્યું કે, ભવિષ્ય તેનાં દિવ્ય આયોજનમાં નિશ્ચિત થશે.લાહિરી મહાશયનો જન્મ, સપ્ટેમ્બર ૩૦, ૧૮૨૮ ના રોજ, બંગાળના ધૂરણી ગામમાં થયો હતો. તેમની તેંત્રીસ વર્ષની ઉંમરે કે, જ્યારે તેઓ રાણીખેતની નજીક હિમાલયના પહાડી વિસ્તારમાં સરકારી કારકુન તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે તેઓ અમર ગુરુજી મહાવતાર બાબાજીને મળ્યા. આ પવિત્ર મુલાકાતને યોગીકથામૃત માં વર્ણવવામાં આવી છે, બાબાજીએ તેમને ક્રિયાયોગનાં પવિત્ર વિજ્ઞાનની દીક્ષા આપવાની સાથે સાથે—પ્રાચીન કાળથી લુપ્ત થઈ ગયેલ યોગ-વિજ્ઞાનની પ્રવિધિને આ જગતમાં પાછી લાવવાનું


શ્રી શ્રી લાહિરી મહાશય





શ્રી શ્રી પરમહંસ યોગાનંદ

**બનારસમાં તેમના ઘરે પાછા ફર્યા પછી, લાહિરી મહાશયે રાજકુમારો અને ખેડૂતો એમ પ્રત્યેક નિષ્ઠાવાન સાધકોને ક્રિયાયોગની દીક્ષા આપવાનું શરૂ કર્યું. યોગાનંદજીએ વર્ણવ્યું છે એ પ્રમાણે, આ પ્રાચીન પ્રવિધિ, પ્રત્યક્ષ રીતે પ્રાણ-પ્રવાહ સાથે કાર્ય કરે છે, અને શારીરિક ક્ષયની પ્રક્રિયાને ધીમી કરે છે તેમજ આધ્યાત્મિક ઉત્ક્રાંતિને ગતિમાન કરે છે. જેનું પુનરુત્થાન ઈ.સ. ૧૮૬૧ માં થયું હતું, યોગાનંદજીની નોંધ અનુસાર, "સમગ્ર માનવ જાતિ માટેની એક સૌભાગ્યશાળી ક્ષણ.**

અભિયાન સોંપ્યું.

બનારસમાં તેમના ઘરે પાછા ફર્યા પછી, લાહિરી મહાશયે રાજકુમારો અને ખેડૂતો એમ પ્રત્યેક નિષ્ઠાવાન સાધકોને ક્રિયાયોગની દીક્ષા આપવાનું શરૂ કર્યું. યોગાનંદજીએ વર્ણવ્યું છે એ પ્રમાણે, આ પ્રાચીન પ્રવિધિ, પ્રત્યક્ષ રીતે પ્રાણ-પ્રવાહ સાથે કાર્ય કરે છે, અને શારીરિક ક્ષયની પ્રક્રિયાને ધીમી કરે છે તેમજ આધ્યાત્મિક ઉત્ક્રાંતિને ગતિમાન કરે છે. જેનું પુનરુત્થાન ઈ.સ. ૧૮૬૧ માં થયું હતું, યોગાનંદજીની નોંધ અનુસાર, "સમગ્ર માનવ જાતિ માટેની એક સૌભાગ્યશાળી ક્ષણ."જે રીતે પુષ્પની સુગંધ છુપાઈ રહી શકતી નથી, "પરમહંસ યોગાનંદે લખ્યું છે, "એ જ રીતે લાહિરી મહાશય કે જેઓ એક આદર્શ ગૃહસ્થ સ્વરૂપે શાંતિપૂર્વક રહેતા હતા, તેઓ તેમનાં આંતરિક તેજને છુપાવી શક્યા નહીં. ભક્તોરૂપી મધમાખીઓ સમગ્ર ભારતના પ્રત્યેક સ્થળેથી આ મુકત ગુરુનાં દિવ્ય અમૃતનું પાન કરવા આવવા લાગ્યા.

લાહિરી મહાશયની મહાનતા તેમનાં જીવનના ઉદાહરણમાં જ રહેલી છેઃ એક વ્યક્તિ તેમની સાંસારિક જવાબદારીઓ, એક પતિ, એક પિતા તેમજ એક વ્યવસાયી તરીકે પૂર્ણ કરી શકે છે, અને એ જ સમએ તે અવિરતપણે ઈશ્વર સાથે સંપર્કમાં રહી શકે છે. તેમનું જીવન એ યુગો જૂના યક્ષ પ્રશ્નનો શાંત પરંતુ શક્તિશાળી ઉત્તર છેઃ શું આ જગતમાં જીવતાં-જીવતાં પણ ઈશ્વર-અનુભૂતિ શક્ય છે ખરી? તેમનું જ્વલંત ઉદાહરણે એ પ્રતિપાદિત કર્યું છે કે, એ માત્ર શક્ય જ નથી, પરંતુ પ્રાકૃતિક છે, જ્યારે વ્યક્તિ આંતરિક વૈરાગ્યપૂર્વક સાથે જીવે.ઈશ્વરાનુસંધાનનો આનંદ તેમનાં રહસ્યમય સ્મિતમાં સહજતાપૂર્વક પ્રગટ થાય છે. તેમની આંખો અડધી ખુલ્લી છે, જે બાહ્ય જગતમાં નહિવત્ ધ્યાન દર્શાવે છે, અને અર્ધોન્મિલિત આંખ, આંતરિક આનંદમાં જ ગહન ડૂબકી લગાવવાનો સંકેત કરે છે. આજે પણ, અનેક ભક્તો તેમના આ ફોટોગ્રાફની આધ્યાત્મિક ઊર્જાની અનુભૂતિ કરે છે—સંરક્ષણ, રોગનિવારણ અને ગહન ધ્યાન માટેનું એક તીવ્ર, મૌન નિમંત્રણ. તેમની હૃદયવેધી દષ્ટિ એ ભક્તોને અંતરમાં ઈશ્વરનાં અસ્તિત્વ પ્રતિ આકર્ષિત કરે છે, કે જેઓ, નિષ્ઠાપૂર્વક માર્ગદર્શન માટે હંમેશાં તૈયાર હોય.બધા પ્રત્યે તેમનો ઉપદેશ સરળ હતોઃ "ધ્યાન દ્વારા તમારી પ્રત્યેક સમસ્યાઓનો ઉકેલ લાવો. તમારા પ્રત્યેક પ્રશ્નોનો ઉકેલ ધ્યાન દ્વારા લાવો. વાસ્તવિક ઈશ્વરાનુસંધાન માટે અનુપયોગી અનુમાનોને બદલી નાખોપતમારી જાતને સક્રિય આંતરિક માર્ગદર્શન સાથે સુસંવાદિત કરો; દિવ્ય વાણી પાસે જીવનની બધી જ વિડંબણાઓનો ઉત્તર છે.

લેખક : વિધી બિરલા

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે. જીવનસાથી સાથે મળીને તમે તેમના કામમાં મદદ થશો.

**વૃષભઃ** આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. દિવસની શરૂઆતમાં પત્ની સાથે ચાલી રહેલા વિવાદનો અંત આવી શકે છે.

**મિથુનઃ** આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે. વેપારીઓમાં કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

**કર્કઃ** આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ઘરમાં પત્ની અથવા બાળકોના અચાનક બગડતા સ્વાસ્થ્યને કારણે થોડો તણાવ હોઈ શકે છે, પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

**સિંહઃ** આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો.

**કન્યાઃ** આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડો ભાગદોડ થઈ શકે છે.

**તુલાઃ** આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે. બપોરે ઉચ્ચ અધિકારી સાથેના વિવાદના કારણે કાયદાકીય બાબત થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે. સાંજે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય આપવામાં સમર્થ હશો.

**ધનઃ** આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

**મકરઃ** તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે. ઉદ્યોગપતિઓનું કામ ફરી એકવાર આગળ વધી શકે છે.

**કુંભઃ** આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે.

**મીનઃ** આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે. માન, પ્રતિષ્ઠા વધશે અને સાંજે તમે ભેટ મેળવી શકો છો અથવા તમે સારું ભોજન મેળવી શકો છો.

## ફિલ્મી ગપશપ

### શું કૃતિ અને તબ્બુની જગ્યાએ નવી હિરોઈનો આવશે?

# કરીના કપૂર ખાન ફરી 'ક્રૂ ૨'માં જોવા મળશે!



મુંબઈ,તા.૨૭

તમને વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી ફિલ્મ 'ક્રૂ' યાદ હશે. કરીના કપૂર, કૃતિ સેનન અને તબ્બુની ત્રિપુટીએ બોક્સ ઑફિસ પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મને દર્શકો દ્વારા પણ ખૂબ પસંદ કરવામાં આવી હતી.

હવે સમાચાર આવી રહ્યાં છે કે, એકતા કપૂર અને રિયા કપૂર આ હિટ ફિલ્મની સિક્વલ બનાવવાની તૈયારી કરી રહ્યાં છે. 'ક્રૂ'ની ટીમે સિક્વલ માટે ઘણાં વિચારો પર કામ કર્યું છે અને છેવટે એક વાર્તા પર મહોર લગાવી છે, જે 'ક્રૂ ૨' માટે સંપૂર્ણ રીતે બંધબેસે છે.

પરંતુ, આ વખતે એક મોટું પરિવર્તન આવશે. અગાઉની ફિલ્મની ત્રણેય હીરોઈનમાંથી 'ક્રૂ ૨'માં માત્ર કરીના કપૂર જ પરત ફરશે. બાકીની બે મુખ્ય ભૂમિકાઓ માટે નવી હિરોઈનોને કાસ્ટ કરી શકાય છે.

કરીનાએ 'ક્રૂ ૨'માં રસ દાખવ્યો છે અને તે આખી સ્ક્રિપ્ટ સાંભળ્યાં પછી જ અંતિમ હા પાડશે. બધું પ્રારંભિક તબક્કામાં છે પરંતુ આખી ટીમ 'ક્રૂ' ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.

કૃતિ સેનન અને તબ્બુ 'ક્રૂ' ફ્રેન્ચાઈઝીમાં પાછા ફરશે કે પછી તેમનાં સ્થાને બોલિવૂડની બીજી ટોચની અભિનેત્રી આવશે તે હજી સ્પષ્ટ નથી. હાલ વિચાર એ છે કે 'ક્રૂ ૨'માં ત્રણ એ-લિસ્ટ અભિનેત્રીઓ હશે.

કરીનાનું પુનરાગમન નિશ્ચિત છે, બાકીની વિગતો હજુ ગુપ્ત રાખવામાં આવી છે. કરીના કપૂર ખાન હાલ મેઘના ગુલઝારની ફિલ્મ 'દયારા'નું શૂટિંગ કરી રહી છે. આ સિવાય તે બીજા ઘણાં પ્રોજેક્ટ્સની વાત કરી રહી છે, જેની માહિતી હજુ જાહેર થઈ નથી. સાથે જ 'વીરે દી વેડિંગ'ની સિક્વલને લઈને પ્રારંભિક વાતચીત ચાલી રહી છે.

# ભરૂચ - સુરત વચ્ચે પસાર થવું ભયાનક અનુભવ, અમે ખુદ અનુભવ્યું છે

# ભંગાર - તૂટેલા રસ્તાની ગંભીર નોંધ લેતી હાઇકોર્ટ : હાઇવે ઓથોરીટીને ચીમકી

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતમાં ખરાબ અને ભાંગેલા રસ્તા મામલે હવે ખુદ ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. તૂટેલા રસ્તા પરથી પસાર થવું એ એક ભયાનક અનુભવ હોવાની ટકોર કરીને હાઈકોર્ટે ચીમકી આપી કે, આ મામલે હાઈવે ઓથોરીટી કંઈ કરી ન શકે તો અદાલત ઓર્ડર પાસ કરશે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ ડી. એન. રેની ખંડપીઠ દ્વારા ટકોર કરવામાં આવી હતી કે, ભરૂચથી સુરત જવું તે એક ભયાનક અને દુખદાયક અનુભવ છે. કારણ કે અમે તે સ્વયં અનુભવ્યું છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડીયા દ્વારા લોકોને આવા અનુભવ થવા બદલ બહાના બતાવવાના બદલે તેનો ઉકેલ [illegible] જોઈએ.

સુરત અને ભરૂચ વચ્ચે રસ્તા તુટેલા છે અને ભારે ટ્રાફિક જામ થઈ જતો હોવાથી લોકોને અવાર નવાર પારાવાર મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે. છેલ્લા કેટલાય વર્ષોથી સામાન્યજનોને આ અનુભવ થઈ રહ્યો છે. ત્યારે ખુદ હાઈકોર્ટને પણ આવો અનુભવ થતા ગંભીર નોંધ લેવામાં આવી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા એવો લૂલો બચાવ કરવામાં આવ્યો હતો કે ભરૂચ અને સુરત વચ્ચે અંકલેશ્વર પાસે એક સાંકડો રસ્તો આવે છે એના કારણે ટ્રાફિક જામ થઈ જાય છે. એટલું જ નહીં પરંતુ ટ્રક અને ટેક્કર વાળા સર્વિસ રોડ ઉપર પાર્કિંગ કરતા હોવાથી ભારે ટ્રાફિક જામ થાય છે.



આ તબક્કે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, તમે આ બાબતે રાજ્ય સરકારની મદદ લઈ શકો છો અને જો તમે કશું ના કરી શકતા હો તો એ બાબતની નોંધ કરીને અમે ઓર્ડર પસાર કરીશું. તમે એવું કહી ના શકો કે અમે કશું કરી શકતા નથી તમારે કાર્યવાહી કરવી જોઈએ.

ઓલ ઈન્ડીયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા જાહેર હિતની અરજી કરીને રજૂઆત કરવામાં આવી હતી કે, ભરૂચ થી સુરત અને સુરતથી દહીંસર વચ્ચે રસ્તા તો ખરાબ છે જ પરંતુ તેનો કન્સેસન એગ્રીમેન્ટનો સમયગાળો પુરો થઈ ગયો હોવાથી ટોલ લેવાનું બંધ કરી દેવું જોઈએ અને રસ્તાઓ યોગ્ય કરવા જોઈએ.

વર્ષ ૨૦૨૨માં કરવામાં આવેલી આ જાહેર હિતની અરજીની સુનાવણી આજરોજ શુક્રવારે નીકળી હતી. તે દરમિયાન ચીફ જસ્ટીસ દ્વારા ટકોર કરવામાં આવી છે કે અમે ખુદ અમારી આંખે જોયું છે કે, ભરૂચ - સુરત વચ્ચે ટ્રાફિક જામ થઈ જાય છે અને વાહનો આગળ વધી શકતા નથી.

રસ્તાઓ તુટી ગયેલા છે, ભારે ટ્રાફિક જામ છે, ટ્રાફિક મેનેજમેન્ટ નબળુ છે અને રસ્તા ઉપર ભુવા પડી ગયા હોવાથી ખરાબ સ્થિતી છે. સામાન્ય લોકો પૈકી અમે પણ તેના વીક્ટીમ છીએ. આ રસ્તા સુધારવા બાબતે આંખ આડા કાન કરાઈ રહ્યા છે.અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ભરૂચ સુરત અને સુરતથી દહીંસર વચ્ચેના બે સેકશનમાં પાંચ ટોલ પ્લાઝા છે તેના કન્સેશન એગ્રીમેન્ટ વર્ષ ૨૦૨૨માં જ પુરા થઈ ગયા છે. આથી તેમની પાસેથી ટોલ લેવાનું બંધ કરી દેવું જોઈએ.

બીજી બાજુ તુટેલા રસ્તા, ટ્રાફિક જામ, લાઈટોનો અભાવ વગેરે જેવી સુવિધા નહી હોવાથી લોકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે અને જીવનું જોખમ છે. વળી જો સુવિધા જ ના આપી શકતા હોય તો ઓથિરીટીએ ટોલ લેવાનું બંધ કરી દેવું જોઈએ.

બીજી બાજુ એવી પણ રજૂઆત કરાઈ હતી કે, જો કન્સેશન એગ્રીમેન્ટ પુરો થઈ ગયો હોય તો ટોલ વસૂલવો ના જોઈએ. પરંતુ અહીં છેલ્લા ટોલ દરના ૪૦ ટકા સુધી વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે અને તે પણ કાયમી ધોરણે. આ નવુ જાહેરનામુ વર્ષ ૨૦૨૪માં બહાર પાડવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધી વસૂલેલો ટોલ ટેક્સ પરત આપવો જોઈએ. દરમિયાન આ પિટિશનની સુનાવણી દરમિયાન હાઈવે ઓથોરિટી દ્વારા કરાયેલા આંકડા મુજબ કુલ રૂ. ૬ હજાર કરોડ ટોલ ટેક્સના માધ્યમથી આ ટોલ પ્લાઝાઓમાંથી વસૂલાયા છે. આ બાબતે હાઈકોર્ટ ઓથોરીટીને જવાબ રજૂ કરવા આદેશ કરીને વધુ સુનાવણી આવતા મહિને રાખી છે.

## હાઇવે ઓથોરીટી સ્થિતિ સુધારવા સરકારની મદદ લે અને કંઇ કરી શકે તેમ ન હોય તો હાઇકોર્ટ ઓર્ડર પાસ કરશે : સમસ્યા ઉકેલવામાં આંખ આડા કાન ન થઇ શકે : ટોલ ટેક્સ રદ્દ કરવાની અરજી પર સુનાવણીમાં આકરી ટીપ્પણી

# સિલિકોસીસ બિમારીના કારણે મૃત્યુ પામનાર કામદારોની વિધવાઓને વળતર માટે સમય મર્યાદા વધારવામાં આવી

અમદાવાદ, તા.૨૭

રાજયમાં સિલિકોસીસ બિમારીના કારણે મૃત્યુ પામનાર કામદારોને વળતર બાબતે થયેલી જાહેર હિતની અરજીમાં રાજય સરકારે માહિતી આપી હતી કે સિલિકોસીસથી મૃત્યુ પામનાર કામદારોની વિધવા કે આશ્રિતોને સહાય મેળવવાની અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરી બે વર્ષની કરાઈ છે. તો, સાથે સાથે મૃતકના પરિવારજનોને પણ રૂ.ચાર લાખનું વળતર આપવાની જોગવાઈ કરાઈ છે.




અરજદાર વિધવા મહિલાઓ તરફથી કરાયેલી પીઆઈએલમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, અરજદાર ૧૯ મહિલાઓના પતિ અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતા હતા. જેમના વર્ષ ૨૦૦૮થી ૨૦૨૧ દરમ્યાન સિલિકોસિસ બીમારીથી મૃત્યુ થયા હતા. રાજય સરકારના ૨૦૧૫ના ઠરાવ મુજબ, મૃતકના પરિવારને માત્ર એક લાખ રૃપિયા જ વળતર મળે છે., જે બિલકુલ અયોગ્ય અને અપૂરતું છે. વળી, વળતર માટે ૯૦ દિવસમાં અરજી કરવાની રહે છે. જો કે, વર્કમેન કોમ્પનસેશન એકટ અંતર્ગત બે વર્ષની સમયમર્યાદા હોય છે.સુપ્રીમકોર્ટે પણ ૨૦૦૭થી ૨૦૧૭ દરમ્યાન જુદા જુદા હુકમો કર્યા છે અને ૨૦૧૭ના હુકમ મુજબ, સિલિકોસીસ બિમારીથી મૃત્યુ પામનાર મૃતકના આશ્રિતોને રૃ.ત્રણ લાખ વળતર મળી શકે છે. આ સંજોગોમાં સરકારના સત્તાવાળાઓએ અરજીની સમયમર્યાદા વધારી યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

સરકારના નિર્ણય બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રે ની ખંડપીઠે સરકારને પૃચ્છા કરી હતી કે, અગાઉ જેટલો સમય અપાતો હતો તે સમયગાળા બાદ જો આશ્રિતો તરફથી અરજી થઈ હોય અને તેને નકારી કઢાઈ હોય તો તેવી અરજીઓ સ્વીકારવામાં આવશે કે કેમ..? તે મામલે સરકાર સ્પષ્ટતા કરે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી ઓકટોબર માસમાં રાખી હતી. આ પીઆઈએલની સુનાવણીમાં અગાઉ હાઈકોર્ટે સિલિકોસીસ બિમારીના ભોગ બનેલાઓના કિસ્સામાં પુર્નવસનની પોલિસી બનાવવા પણ રાજય સરકારને સૂચન કર્યુ હતું, જેના અનુસંધાનમાં આજે રાજય સરકાર તરફથી વધુમાં પોતાનું વલણ સ્પષ્ટ કરતાં જણાવાયું હતું કે, સિલિકોસીસ બિમારીનો ભોગ બનેલા કામદારો અને તેમના પરિજનોના પુનઃ વસનનો મુદ્દો સકારાત્મક રીતે સરકારમાં વિચારાધીન છે.આ સિવાય મૃત્યુ સહાયના કિસ્સામાં જે લોકો સહાય મેળવવા માટે નિયત સમયમાં અરજી કરી શકયા નથી અને બે વર્ષ કરતાં વધુનો સમયગાળો થઈ ગયો છે, તેવા આશ્રિતો પણ અરજી કરી શકશે.

## નકલી પોલીસ બની ગુનાખોરી કરવામાં ગુજરાત ૧૦માં ક્રમે

# ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર આ યાદીમાં ટોચ ઉપર

નવીદિલ્હી,તા.૨૭

હાલમાં જ સુરતમાં અણીયાળી મૂછો, સિવિલ ડ્રેસમાં હાથમાં વોકી ટોકી લઈને સુરતના ગરબા ઈવેન્ટમાં પ્રવેશતાં રત્નકલાકાર યુવરાજ રાઠોડને પોલીસે ઝડપી પાડ્યો હતો. થોડા મહિના પહેલા નયન પરમાર અને ગૌરાંગ ભીલ નામના બે યુવાનો એસઓજીના ડુપ્લિકેટ આઈકાર્ડ સાથે ઝડપાયા હતા. આ બંને શખસોએ તોડ કરવા માટે એસઓજીના આઈકાર્ડ બનાવડાવ્યા હતા. વધુ તપાસ કરતા બંને જણા ઝડપાયા હતા.



નવરાત્રિ કે તહેવારોમાં પોતાની સારી ખાતીરદારી કે રોફ જમાવવા કે પૈસા પડાવવા આ વર્ષે ૩૭ જેટલા નકલી પોલીસકર્મીઓ ગુજરાત પોલીસની અડફેટે ચઢ્યા છે. જેમાં આર્થિક તોડબાજીમાં ૩, ડિજિટલ એરેસ્ટમાં પોલીસના સ્વાંગમાં ૧૭, લોકોમાં રોફ જમાવનારા નકલી પોલીસના સ્વાંગમાં ૪, ગુનાઈત પ્રવૃત્તિ કરવા માટે ૨ અને ૧૧ જેટલાં પૈસા કમાવવાના શોર્ટ કટથી પ્રેરાઈને નકલી પોલીસ બનીને છેતરપિંડી કરતાં પકડાયા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ અનુસાર, દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં નકલી સ્વાંગમાં ફરતા અધિકારીઓ અને પોલીસ કર્મીઓનું પ્રમાણ વિશેષ છે. દર વર્ષે સૌથી વધુ નકલી પોલીસ ઉત્તર પ્રદેશમાંથી પકડાય છે. ત્યાર બાદ મહારાષ્ટ્રમાંથી પકડાય છે.

કર્ણાટક ત્રીજા ક્રમે છે અને દિલ્હી ચોથા ક્રમે આવે છે. પાંચમા ક્રમે બિહાર છે. નકલી પોલીસને પકડાવામાં ગુજરાતનો ક્રમ દસમો છે. આ પ્રકારના ગુનામાં ગુજરાત પછી દેશના અન્ય ત્રેવીસ રાજ્યોનો સમાવેશ થાય છે.નવરાત્રિના તહેવારોમાં વિશેષપે ગરબાના પાસ અને મોડી રાત્રે ફરતાં યુવાઓને બ્લેક મેઈલ કરવાના હેતુથી પોલીસથી ચેતવા માટે ગુજરાત પોલીસ દ્વારા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# ચંદ્રહાસોજ્જ્વલાકરા શાર્દુલ વરવાહન!કાત્યાયની શુભં દદ્યા દેવી દાનવઘાતિની!!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

આજે માતાજીનું છઠ્ઠુ નોરતું, વિવાહ ઈચ્છુક લોકો કરી શકે છે આ રીતે પૂજા માતા કાત્યાયનીની વાર્તા નવરાત્રીનો છઠ્ઠો દિવસ દેવીદુર્ગાના વિકરાળ યોદ્ધાવતારને સમર્પિત છે,જે મા કાત્યાયની તરીકે ઓળખાય છે. મહિષાસુરમર્દિની,જે સિંહ પર સવારી કરે છે અને કમળના ફૂલો અને તલવારો અને ભગવાન શિવ ના ત્રિશૂળ સહિત અનેક શસ્ત્રો ધરાવે છે, તેની ષષ્ઠી પર પૂજા કરવામાં આવે છે.આ વર્ષે ષષ્ઠી બે ત્રીજના કારણે સાતમા દિવસે એટલે કે ૨૮મી સપ્ટેમ્બર, રવિવારે પડી રહી છે. સમગ્ર ભારતમાં ભક્તો દેવી દુર્ગાના યોદ્ધાવતાર પાસેથી આશીર્વાદ મેળવવા પ્રાર્થના કરે છે. મા કાત્યાયનીની કથા, પૂજા પદ્ધતિ અને તેમને અર્પણ કરવાના ભોગ વિશે જાણીએ.

આજે માતાજીનું છઠ્ઠુ નોરતું, વિવાહ ઈચ્છુક લોકો કરી શકે છે આ રીતે પૂજા નવરાત્રીના છઠ્ઠા દિવસે માતાજીના છઠ્ઠા સ્વરૂપ કાત્યાયનીની પૂજાનું વિધાન છે. માતાના આ સ્વરૂપના પ્રગટ થવાની એક અદ્ભુત કથા છે. એવું માનવામાં આવે છેકે, માતાજીના આ સ્વરૂપે મહિષાસુર નું મર્દન કર્યું હતું. દેવી ભાગવત પુરાણના અનુસાર માતાજીના આ સ્વરૂપની પૂજા ગૃહસ્થો અને વિવાહ ઈચ્છુક લોકો માટે ખૂબ જ ફળદાયી છે. મહર્ષિકાત્યાયન ની કઠિન તપસ્યા થી પ્રસન્ન થઈને આદ્યશક્તિએ તેમને ત્યાં પુત્રીના સ્વરૂપમાં જન્મ લીધો.મહર્ષિ કાત્યાયનના નામ પર જ માતાજી નું નામ કાત્યાયની પડ્યું. માતા કાત્યાયની અમોઘ ફળદાયિની છે. તેઓ દાનવો,અસુરો અને પાપી જીવધારીઓનો નાશ કરનારા દેવી કહેવાયાં. આશીર્વાદની મુદ્રા અંકિત છેઃ સાંસારિક સ્વરૂપમાં માતા કાત્યાય ની સિંહ પર સવાર રહે છે. તેમને ચાર ભુજાઓ છે. સુસજ્જિત આભામંડળયુક્ત દેવી માતાનું સ્વરૂપ મનમોહક છે. તેમના ડાબા હાથમાં કમળ અને તલવાર અને જમણા હાથમાં સ્વસ્તિક અને આશીર્વાદની




મુદ્રા અંકિત છે. નવરાત્રાની ષષ્ઠીતિથિના દિવસે માતાજીના આ સ્વરૂપની પૂજા થાય છે,કારણ કે આ તિથિમાં માતાજીએ જન્મ લીધો હતો અને મહર્ષિએ તેમની પૂજા કરી હતી.

અલૌકિક સુખનો અનુભવ એવી માન્યતા છે કે,નવરાત્રીના છઠ્ઠા દિવસે સાધક મન 'આજ્ઞા ચક્ર'માં સ્થિત રહે છે.યોગ સાધનામાં આજ્ઞા ચક્રનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આજ્ઞાચક્ર માનવ શરીરમાં ઉપસ્થિત સાત ચક્રોમાં સૌથી શક્તિશાળી છે.આ દિવસે ધ્યાન પૂર્વક પ્રયાસ કરવાથી ભકતને સહજભાવથી માતા કાત્યાયની નાં દર્શન પ્રાપ્ત થાય છે જે પણ ભક્ત માતાના આ સ્વરૂપનું પૂજન કરે છે,તેમનાચહેરા પર એક અલગ કાંતિ રહે છે. તે આ લોકમાં રહીને પણ અલૌકિક સુખનો અનુભવ કરે છે.માતા કાત્યાયની ભોગ:એવું માનવામાં આવે છે કે,ભોગમાં માતા કાત્યાયનીને મધ અર્પણ કરવું જોઈએ.

માતા કાત્યાયનીની વાર્તાઃધાર્મિક માન્યતાઓનુસાર, માં કાત્યાયની દેવતાઓની સંયુકત શક્તિમાંથી પ્રગટ થઈ હતી. એક હજાર સૂર્ય, ત્રણ આંખો, કાળા વાળ અને ઘણા હાથની શક્તિ સાથે,દેવી કાત્યાયની મહિષાસુર નો વધ કરવા પૃથ્વી પર ઉતરી.હિંદુધર્મ માં, મહિષાસુર એક શક્તિશાળી અર્ધ-માનવ અર્ધ- ભેંસ રાક્ષસ હતોજેણે તેની આકારબદલવાની ક્ષમતાઓનો દુષ્ટ રીતે ઉપયોગ કર્યો હતો.તેણીની વિકૃત રીતથી ગુસ્સે થઈને, તમામ દેવતાઓએ મા કાત્યાયની બનાવવા માટે તેમની શક્તિઓને એકીકૃત કરી, અને દેવી અને રાક્ષસ વચ્ચેના યુદ્ધને 'અશુભ પર સારાની જીત' તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું.

કપટી રાક્ષસનો વધ કરનાર માતા કાત્યાયનીને મહિષાસુર મર્દિની તરીકે પણ ઓળખવામાં આવે છે અને આ ઘટના હિંદુ ધર્મમાં ગહન પ્રતીક છે. એવું કહેવાય છે કે મા કાત્યાયનીના ઘણા હાથ છેજેઓ દેવતાઓ દ્વારા ભેટમાં આપેલા અગ્નિ શસ્ત્રોથી આશીર્વાદિત છે. જ્યારે શિવે તેમને ત્રિશૂળ, ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્ર, અંગી દેવને એક ડાર્ટ વાયુ દેવને ધનુષ્ય,ઈન્દ્રદેવને વજ્ર, બ્રહ્માદેવે પાણીના વાસણ સાથે રુદ્રાક્ષ વગેરે આપ્યા હતા.

★કાત્યાયની આરતી★

જય કાત્યાયની માતા,જય કાત્યાયની માતા જે કોઈ તમારું ધ્યાન કરે છે તેને બ્રહ્માંડમાં સુખ મળે છે.જય કાત્યાયની માતા શાશ્વત, અપરિવર્તનશીલ, અવિનાશી અટલ,અનંત,અદ્રશ્ય, આજે આનંદનો સમૂહ છે.જય કાત્યાયની માતા લાલ ધ્વજ તમારા મંદિર પર આકાશને સ્પર્શે છે,ચમકતો પ્રકાશ, માતા, ભકતો વિશ્વને ઘેરી લે છે.જય કાત્યાયની માતાબ્રહ્માનું શુદ્ધ સ્વરૂપ,મનને શાંત કરે છે શકિતનું સાચું,શાશ્વત સુંદર સ્વરૂપ જય કાત્યાયનીમાતા દશમી રાક્ષસ,દુર્ગા,વિવિધ શાસ્ત્રો નો નાશ કરનાર આઠગણી યોગિની,નવાસ્વરૂપો ધારણ કરેછે જય કાત્યાયની માતા,બધા દુર્ગુણોનો નાશ કરનાર મહિષાસુર આપણા દુર્ગુણોનો નાશ કરીને અમને પવિત્ર કરો.જય કાત્યાયની માતા, જે કોઈ છઠ્ઠી નવરાત્રી પર તમારી પૂજા કરે છે,માતા તેને તમારા આશીર્વાદ મળ્યા છે, દયાળુ માતા.જય કાત્યાયની માતા અમે અત્યંત ગરીબ અને દુઃખી છીએ, કૃપા કરીને અમને તમારી દયા બતાવો.માતા,મારામાં ઘણા દોષો છે, પણ કૃપા કરીને તેમના પર ધ્યાન ન આપો.જય કાત્યાયની માતા હે માતા કાત્યાયની,હું તમારી આરતી ગાઉ છું.મને ધન કે સોનું નથી જોઈતું,મને તમારો પ્રેમ જોઈએ છે.

### રૂ.૧૪.૫૯ કરોડ ના ખર્ચે બનેલા ન્યાય મંદિરને ખુલ્લુ મૂકતા આરોગ્ય અને કાયદા મંત્રી ઋષિકેશ પટેલ

# ન્યાયાધીશનું પદ ભગવાન સમાન છે, આપણે ન્યાય માટે બે જગ્યાએ જોઈએ છીએ એક ભગવાનના મંદિરે અને બીજું ન્યાયના મંદિરે : મંત્રી ઋષિકેશ પટેલ







(ગરવી તાકાત) ઈડર તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં તાલુકા કોર્ટ ભવનનું લોકાર્પણ અને ઉદ્ઘાટન કાર્યક્રમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કાયદો, ન્યાયતંત્ર મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી હેમંત પ્રચ્છકની ઉપસ્થિતિમાં યોજાયો.

આ પ્રસંગે મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે, ન્યાય તંત્રની સુચારુ વ્યવસ્થા માટે તાલુકા કોર્ટના સુવિધાસભર બિલ્ડીંગો ગુજરાતના તમામ તાલુકાઓમાં તૈયાર થઈ રહ્યા છે. નાગરિકોને ઝડપી ન્યાય મળે અને સાચો ન્યાય મળી તે ખૂબ જરૂરી છે. આ તબક્કે તેમણે જણાવ્યું કે ન્યાયાધીશનું પદ ભગવાન સમાન છે. આપણે ન્યાય માટે બે જગ્યાએ જોઈએ છીએ એક ભગવાનના મંદિરે અને બીજું ન્યાયના મંદિરે. હવે મંદિરની વ્યાખ્યા બદલાઈ રહી છે ભગવાનનું મંદિર તો મંદિર છે જ પણ આપણે ન્યાયના આ સંકુલને પણ મંદિર સમાન માનીએ છીએ સરસ્વતીનું મંદિર અને હવે આરોગ્ય કેન્દ્રોને મંદિરોનો દરજ્જો આપવામાં આવ્યો છે. ન્યાયાધીશ અને વકીલો માનવીય સંવેદના સાથે આવનાર લોકોને ન્યાય આપે તે આવકાર્ય છે. ગુનેગારોના મનમાં ડરનું વાતાવરણ ઊભું થવું તે પણ જરૂરી છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, આપણે સૌ ટેકનોલોજીના જમાનામાં જીવી રહ્યા છીએ ત્યારે આજની આધુનિક કોર્ટ બિલ્ડીંગોમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી નાગરિકોને ઝડપી ન્યાય મળે

તેમનો સમય નાણાં ન બગડે તેનું પણ સરકાર દ્વારા ધ્યાન રાખવામાં આવ્યું છે. આપણે વિકસિત દેશોની સાથે બેસતા થયા છીએ ત્યારે ટ્રેડ વોરમાં પણ આપણે વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર માની એકતા ના ભાવ સાથે જીવીએ છીએ.

આપણો ઈતિહાસ ૧૦૦૦ વર્ષ જૂનો ગુલામીના અંધકારનો છે. જેમાંથી આપણે બહાર આવી આ નવી સદીમાં પ્રકાશ તરફ ગતિ કરવા જ્ઞાનની મદદ લઈ આગળ વધીએ.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી પ્રચ્છકે જણાવ્યું હતું કે, જ્યાં ધર્મ છે ત્યાં વિજય છે. સર્વોચ્ચ અદાલતનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી સુધી ન્યાય પહોંચાડવાનો છે.

ન્યાયનું સ્વરૂપ નહીં ન્યાયની ભાવના ખૂબ જરૂરી છે. પ્રાંતિજ તાલુકામાં ૬૬ ગામોનો સમાવેશ થયેલો છે સ્વતંત્રતા પહેલા પ્રાંતિજમાં કોર્ટ હતી. જે આ વિસ્તારની મહત્તા સમજાવે છે. આ વિસ્તાર ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો વિસ્તાર છે. સુનિયોજિત વર્કિંગ પ્લાન સાથેના આ અત્યાધુનિક બિલ્ડીંગમાં લોકોને ત્વરિત ન્યાય મળે તે માટે સૌએ પ્રયત્નશીલ રહેવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોર્ટના જજ શ્રી કે. આર. રબારી, પ્રાંતિજ કોર્ટ જજ શ્રી બી.આર. સોલંકી, ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા પોલીસ વડા શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ, પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લાની અન્ય કોર્ટના સર્વે જજશ્રી, બાર એસોસિએશનના પ્રમુખ સહિત મોટી સંખ્યા વકીલો હાજર રહ્યા હતા.

### કર્મચારીઓને આંતરિક શાંતિ, માનસિક એકાગ્રતા અને કાર્યક્ષમતા વધારવા માટે આધ્યાત્મિક માર્ગદર્શન પૂરૂ પાડયું

## ઉત્તર ગુજરાત વિજ કંપનીના કર્મચારીઓ માટે હાર્ટફૂલનેસ સાબરકાંઠા દ્વારા ત્રિ-દિવસીય ધ્યાન શિબિરનું આયોજન

(ગરવી તાકાત) ઈડર તા.૨૭

હાર્ટફૂલનેસ સાબરકાંઠા સંસ્થા દ્વારા તાજેતરમાં હિંમતનગર ખાતે ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ.)ના કર્મચારીઓ માટે ત્રિ-દિવસીય વિશેષ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ કર્મચારીઓને આંતરિક શાંતિ, માનસિક એકાગ્રતા અને કાર્યક્ષમતા વધારવા માટે આધ્યાત્મિક માર્ગદર્શન પૂરૂં પાડવાનો હતો.

આ ત્રિ-દિવસીય શિબિરમાં આશરે ૩૫ કર્મચારીઓએ સક્રિય ભાગ લીધો હતો. ત્રણ દિવસ દરમિયાન યોજાયેલ વિવિધ સત્રોમાં ભાગ લેનારોએ ધ્યાનની વિધિઓનો અનુભવ મેળવી પોતાના વ્યક્તિત્વ



વિકાસ તથા દૈનિક જીવનમાં સંતુલન જાળવવાના માર્ગો વિષે પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું હતું. હાર્ટફૂલનેસ સંસ્થાના અનુભવી ટ્રેનર્સ દ્વારા હાર્ટફૂલનેસ પદ્ધતિ, તેની ફિલોસોફી તેમજ જીવનમાં તેના અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

શિબિર દરમિયાન કર્મચારીઓએ માનસિક આરામ, આત્મવિશ્વાસ વૃદ્ધિ અને હકારાત્મક વિચારસરણી વિકસાવવાની ઉપયોગી પદ્ધતિઓ શીખી હતી. આ સાથે જ, તેમના વ્યવસાયિક જીવનમાં તાણ-તણાવ ઘટાડવા તથા કાર્યસ્થળે સુમેળપૂર્ણ વાતાવરણ સર્જવા માટે ધ્યાનની મહત્તા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ શિબિરના સફળ આયોજનમાં શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ તથા નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટનો મહત્વનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ પ્રકારની પહેલ કર્મચારીઓના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે માર્ગદર્શક સાબિત થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## અંબાજી મંદિરમાં ૧,૧૧૧ બાલિકા પૂજન કાર્યક્રમ:ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું, સર્ટિફિકેટ એનાયત કરાયું

(ગરવી તાકાત) અંબાજી તા.૨૭

ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજી મંદિરમાં આસો નવરાત્રી પર્વ દરમિયાન એક ઐતિહાસિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧,૧૧૧ બાલિકાઓનું પૂજન કરવામાં આવ્યું હતું, જેને ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. આ પ્રસંગે વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ પણ એનાયત કરાયું હતું.

આ પૂજન કાર્યક્રમમાં અંબાજી અને આસપાસના વિસ્તારોમાં વસતા પરિવારોની ૩ થી ૧૨ વર્ષની બાળકીઓએ ભાગ લીધો હતો. બાળકીઓને ક્રમબદ્ધ રીતે ચાચર ચોકમાં બેસાડીને તેમનું પૂજન કરવામાં આવ્યું. તેમને તિલક કરીને નવરાત્રીમાં પહેરવાની વસ્તુઓ ભેટ



સ્વરૂપે આપવામાં આવી હતી.

આ ભવ્ય કાર્યક્રમનું આયોજન સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા અને બનાસકાંઠા જિલ્લા અંબાજી એકમ દ્વારા કરવામાં આવ્યું હતું. જગત જનની માં અંબાજીના ચાચર ચોકમાં યોજાયેલો આ કાર્યક્રમ એક મહત્વપૂર્ણ પ્રસંગ બની રહ્યો.

કાર્યક્રમની સમાપ્તિ બાદ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા એપ્રિસિએશન સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

### કાર્યવાહીમાં એક ઈસમની ધરપકડ કરવામાં આવી

## બનાસકાંઠા LCBએ દારૂ ઝડપ્યો : પાલનપુર નજીક ટેન્કરમાંથી રૂપિયા ૫૩.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૭

બનાસકાંઠા **LCB** પોલીસે પાલનપુરના કાણોદર હુસેન ટેકરી પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને એક ટેંકર સહિત કુલ ૫૩,૮૮,૭૯૬/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં એક ઈસમની ધરપકડ કરવામાં આવી છે. જપ્ત કરાયેલા દારૂની કિંમત ૩૩,૮૮,૨૯૬/- આંકવામાં આવી છે.

બનાસકાંઠાના પોલીસ અધિક્ષક અક્ષય રાજ દ્વારા જિલ્લામાંથી દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને નાબૂદ કરવા તથા તેમાં સંડોવાયેલા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાના આધારે, **LCB**, પાલનપુરના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ **LCB**ની ટીમો ફિલ્ડમાં કાર્યરત હતી. તે દરમિયાન, **LCB**, પાલનપુરના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. દેસાઈ અને પો.કોન્સ ધરમપાલસિંહને મળેલી સંયુક્ત બાતમીના આધારે પાલનપુર-છાપી હાઈવે પર કાણોદર



**બનાસકાંઠાના પોલીસ અધિક્ષક અક્ષય રાજ દ્વારા જિલ્લામાંથી દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને નાબૂદ કરવા તથા તેમાં સંડોવાયેલા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.**

હુસેન ટેકરી નજીક નાકાબંધી કરવામાં આવી હતી. નાકાબંધી દરમિયાન ટેંકરને રોકી તપાસ કરતા તેમાંથી ૧૧,૯૦૪ બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસે ટેંકર ચાલક કનુ અમરતભાઈ માજીરાણા (રહે. રાજપુરીયા, તા. અમીરગઢ) ની ધરપકડ કરી છે.

આ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા અન્ય ઈસમો સોમસિંહ તેજસિંહ (રહે. ચેખલા, તા. અમીરગઢ), વિરેન્દ્રસિંહ નાનુસિંહ (રહે. ચેખલા, તા. અમીરગઢ), દેવા ધનાભાઈ (રહે. જાંબુડી (હાથીદ્રા), તા. પાલનપુર) અને જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા વેલસિંહ (રહે. હાથીદ્રા, તા. પાલનપુર) સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વાઘરોલમાં ધારાસભ્ય માવજી દેસાઈના હસ્તે ‘વનકવચ’નું લોકાર્પણ

## તાલુકાકક્ષાના વન મહોત્સવમાં ૧.૪૦ લાખથી વધુ વૃક્ષોના ઉછેર પર ભાર



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૭

દાંતીવાડા તાલુકાના વાઘરોલ ખાતે ધારાસભ્ય માવજી દેસાઈના અધ્યક્ષસ્થાને તાલુકાકક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે વન વિભાગ દ્વારા નિર્મિત ‘વનકવચ’નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેના ઉછેર પર ભાર મૂકવામાં આવ્યો હતો.

શનિવારે વાઘરોલ ગામમાં વન વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા તૈયાર કરાયેલા ×વનકવચ×નું ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈના હસ્તે લોકાર્પણ કરાયું હતું. ત્યારબાદ વાઘરોલ ગામના ચામુંડા માતાજી મંદિરના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય દેસાઈએ દાંતીવાડા વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી.એમ. ભૂતડીયા સહિત વન વિભાગના કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય માવજી દેસાઈ ઉપરાંત તાલુકા ભાજપ પ્રમુખ દિનેશ બોકા, મહામંત્રી તેજાજી મારવાડીયા, મનહરસિંહ વાઘેલા, હરનાથ પટેલ, આહજી પરમાર, સરપંચ ભુરા દેસાઈ સહિત અન્ય સરપંચો, આગેવાનો, ખેડૂતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.વાઘરોલ અને રામસીડા ગામના ગ્રામજનોના સહયોગથી વન વિભાગ દ્વારા બંને ગામોમાં ૧.૪૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરવામાં આવી રહ્યો છે. ધારાસભ્ય માવજી દેસાઈએ જણાવ્યું હતું કે, વન વિભાગના સહયોગથી અન્ય ગામોમાં પણ આવા ‘વૃક્ષ મંદિર’ બનાવવા જોઈએ.

# સંક્ષિપ્ત સમાચાર

## વાવ તાલુકાના બાલુત્રી ગામે વરસાદી પાણીનો નીકાલ કરવા તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૨૭

વાવ તાલુકાના બાલુત્રી ગામે વરસાદી પાણી થી ગામમાં અને ઘરોમાં પાણી ભરાયું હતું વરસાદ ના કારણે ચારે બાજુના રસ્તો બ્લોક થઈ ગયા હતા આ બાબતે ભાજપ પ્રમુખ શ્રી પ્રકાશ ભાઈ વ્યાસ સાથે ટેલિફોનની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા પાણી ની નીકાલ કરવા માટે તંત્ર દ્વારા ૧૨,મોટર અને હિટાચી મશીન અને બે જેસીબી મશીન લગાડવામાં આવ્યા હતા.

## ઇડર બસ ડેપો ખાતે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ-સાબરકાંઠા દ્વારા વ્યસનમુક્ત જીવન અંતર્ગત કાર્યક્રમ



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૨૭

સાબરકાંઠા જિલ્લામાં ઈડર બસ ડેપો ખાતે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ - સાબરકાંઠા દ્વારા વ્યસનમુકત જીવન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. સ્વસ્થ ભારતના નિર્માણમાં આરોગ્ય શિક્ષણની ખુબ અગત્યતા છે. સરકારશ્રી દ્વારા સ્વસ્થ નારી સશક્ત પરિવાર જેવા લોકોપયોગી અભિયાન દ્વારા અંતરિયાળ વિસ્તારના પ્રજાજનોને આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત ઈડર બસ ડેપો ના કર્મચારીશ્રીઓને જિલ્લા આઈ.ઈ.સી. અધિકારિશ્રી જયેશભાઈ પંડયાએ તમાકુથી થતા શારીરિક અને આર્થિક નુકશાન તેમજ તમાકુના વ્યસનના કારણો, વ્યસન છોડવા શું કરી શકાય તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત તમામને વ્યસનમુકત જીવનના શપથ લેવડાવ્યા હતા.

ડેપો મેનેજરશ્રી હાર્દિકભાઈ સગરએ જણાવ્યું હતું કે આરોગ્ય શાખાના વ્યસન્મુકત અભિયાન કાર્યક્રમને કારણે આજે ચાર કર્મચારીશ્રીઓ વ્યસનમુકત બન્યા છે જે ખુબ મોટી સફળતા છે. હાલના સમયમાં આપણો સૌથી મોટો દુશ્મન તમાકુ અને અન્ય ખરાબ વ્યસનો જ છે. જેના કારણે ઘણા પરિવારો દુ:ખી છે.

વ્યસનમુકત બનેલ કર્મચારિશ્રીઓએ જણાવ્યું કે અમે હાલના સમયમાં ઘણો સારો અનુભવ કરી શકીએ છીએ. આજે સ્વાસ્થ્ય પણ સારુ છે. આ કાર્યક્રમમાં કર્મચારીઓશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કે.બી.દેસાઇ સ્કૂલમાં પ્રાદેશિક કચેરી (RO) તથા માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર (MoRTH) સાથે સ્વચ્છતા સે સેવા-૨૦૨૫ની ઉજવણી કરાઇ



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૨૭

કે.બી. દેસાઈ સ્કૂલમાં “સ્વચ્છતા સે સેવા-૨૦૨૫” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ. કાર્યક્રમમાં પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ, કચરાને વિભાજિત કરી યોગ્ય રીતે વ્યવસ્થાપન અને કુદરતી ખાતર બનાવવા, તેમજ વીજળી અને પાણી બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા નિબંધ, ચિત્રકામ અને જાહેર વક્તૃત્વ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, જે સ્વચ્છતા અને પર્યાવરણ સ્નેહ માટેની ઝુંબેશના ભાગરૂપે રજૂ થઈ.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટ, ઈડર નગરપાલિકા, ભારત વિકાસ પરિષદ અને રોટરી ક્લબ ઑફ ઈડર જેવા સંસ્થાઓનો સક્રિય સહયોગ મળ્યો છે.

Volume : 11 Issue : 166 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002